# આજે ગાંધીનગર જય રણછોડ... માખણચોરના જયઘોષથી ગુંજી ઉઠશે

## ભગવાન જગન્નાથજીની રથયાત્રા સવારે ૭ કલાકે પંચદેવ મંદિરથી પ્રસ્થાન થશે : ગજરાજ, કલાત્મક બગી, ઘોડેસવારો સહીત અનેક વેશભુષામાં સજ્જ બાળકો રથયાત્રા દરમિયાન અનેરૂ આકર્ષણ જમાવશે

ગાંધીનગર તા ૧૩

આજે નગરના માર્ગો જય રણછોડ .. માખણચોરના જયઘોષથી ગુંજી ઉઠશે. ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા સવારે ૭ કલાકે સે-



૨૨ સ્થિત પંચદેવ મંદિરથી પ્રસ્થાન કરશે. રથયાત્રા પ્રારંભે ભગવાન જગન્નાથજીની પુજાઅર્ચના અને આરતી કરવામાં આવશે. જયારે નિયત રૂટમાં આગળ વધતી રથયાત્રાનુ સેકટરોમાં ઠેર ઠેર ભવ્ય સ્વાગત કરવામાં આવશે. ભગવાન જગન્નાથજીના દર્શન માટે ભાવિકો ઉત્સુક બન્યા છે. રથયાત્રા દરમિયાન ગજરાજ, કલાત્મક બગી ,ઘોડા સહીત વિવિધ વેશભુષામાં સજ્જ બાળકો પણ આકર્ષણ જમાવશે. સે-૨૯ જલારામ મંદિર ખાતે ભગવાનના મોસાળમાં ભાવિકો માટે મહાપ્રસાદની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

ભગવાન જગન્નાથજીની ૩૪ મી રથયાત્રા આજે સવારે ૭ કલાકે સે-૨૨ પંચદેવ મંદિરથી પ્રસ્થાન કરશે. જગન્નાથજીની રથયાત્રાના પ્રારંભ પુર્વે ભગવાનની પુજાવિધી અને આરતી કરવામાં આવશે. પંચદેવ મંદિરના ધર્માચાર્ય ફુલશંકર શાસ્ત્રીના હસ્તે ભગવાનની પુજા અર્ચના કરવામાં આવશે.આ તબક્કે મેયર પ્રવિણ પટેલ, સચિવ એસ જે હૈદર, રથયાત્રા સમિતિના અધ્યક્ષ દિનેશ કાપડીયા , શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ સહીત અન્ય મહાનુભાવો હાજરી આપશે. જયારે ત્યારબાદ જય રણછોડ માખણ ચોરના જયઘોષ સાથે ભગવાનની ભવ્ય રથયાત્રાનો

**સેકટરોમાં ઠેર ઠેર રથયાત્રાનુ ભવ્ય સ્વાગત કરાશે : ભાવિકોમાં અનેરો ઉત્સાહ જલારામ ધામ ખાતે મોસાળમાં ૭ હજાર ભાવિકો માટે પ્રસાદની વ્યવસ્થા : રથયાત્રા દરમિયાન મેઘરાજા હેત વરસાવે તેવી ભાવિકોમાં આશ**

પ્રારંભ થશે. રથયાત્રા પરંપરાગત રીતે નિયત રૂટમાં આગળ વધશે. પંચદેવમંદિર થી સે-૨૨ તરફ આગળ જતી રથયાત્રામાં ભગવાનનો રથ, ગજરાજ ,ઘોડા કલાત્મક બગી ડી જે તેમજ ભજનમંડળી સાથે અનેક આકર્ષણો જોવા મળશે. રથયાત્રામાં નાના મોટા ૭૫ જેટલા વાહનો સાથે અનેક વિધ સંસ્થાઓ પણ જોડાશે. રથયાત્રા દરમિયાન બાળકો પણ વિવિધ વેશભુષામાં સજ્જ જોવા મળશે. કોઈ બાળક કૃષ્ણ સ્વરૂપે તો કોઈ રામ સીતા અને મહાદેવનો વેશ પરિધાન કરી નજરે પડશે. જય રણછોડ માખણચોરના જયઘોષથી નગરના માર્ગો ગુંજી ઉઠશે. રથયાત્રાના રૂટમાં ભાવિકોને કાકડી જાંબુના પ્રસાદનુ પણ વિતરણ કરવામાં આવશે. રથયાત્રાને અનુલક્ષીને ભાવિકોએ સેકટરોના રૂટમાં ભાવિકો માટે જરૂરી તમામ વ્યવસ્થા કરી છે. શહેરમાં ૩૧ કી મી લાંબા રથયાત્રાના રૂટમાં ઠેર ઠેર રથયાત્રાનુ સ્વાગત કરવામાં આવશે. જયારે સેકટરોમાં સ્થાનિક રહીશો તેમજ વેપારીઓ સહીત અગ્રણીઓ પણ ભગવાનના રથનુ સ્વાગત કરી પુજાવિધિ કરશે. ભાવિકો માટે સેકટરોમાં ઠેર ઠેર રથયાત્રાનુ સ્વાગત કરી ભાવિકોને ઠંડી છાશ ,ચા નાસ્તા સહીત શરબત સહીત પીરસે તેવુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે ભગવાન જગન્નાથજીની રથયાત્રાને અનુલક્ષી ભગવાનના મોસાળ સે-૨૯ સ્થિત જલારામ મંદિર ખાતે ભાવિકો માટે મોહનથાળ ખીચડી અને વટાણા બટાટાના શાકનો મહાપ્રસાદ પણ પીરસવામાં આવશે. અંદાજિત ૭ હજારથી વધુ ભાવિકો પ્રસાદનો લાભ લે તેવી સંભાવના છે. જયારે રથયાત્રાના રૂટમાં પાછળ પાછળ સફાઈ થાય તે માટે કોર્પોરેશન દ્વારા



યોગ્ય સફાઈ પણ થાય તેવુ આયોજન કરવામાં આવ્યુ છે. ઢોલ નગારા અને ડી જેની સુરાવલી વચ્ચે આગળ વધતી રથયાત્રા સેકટરોમાં આસ્થાનુ કેન્દ્ર સ્થાન બનશે. રથયાત્રા દરમિયાન પંચદેવ મંદિર યુવક મંડળના યુવકો ભગવાનનો રથ આગળ ખેંચશે. રથયાત્રાનુ આયોજન શાંતિપુર્ણ અને ઉલ્લાસપુર્વ માહોલમાં સંપન્ન થાય તે માટે પુરતા પોલીસ બન્દોબસ્ત સહીત રૂટમાં એમ્બયુલન્સ વાનની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. રથયાત્રાના રૂટમાં રથયાત્રા સમિતિની વાન પણ સતત ફરતી નજરે પડશે. રજાનો દિવસ હોવાથી ભગવાન જગન્નાથજીના દર્શન માટે ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી પડે તેવી શકયતા છે. સેકટરોમાં ભાવિકો ભગવાનના દર્શન અને રથયાત્રાના સ્વાગત માટે ઉત્સુક બન્યા છે. જયારે વાદળિયા વાતાવરણ વચ્ચે મેઘરાજા પણ રથયાત્રા પર હેત વરસાવે તેવી આશ પણ નગરજનોને છે.

## શહેરમાં રથયાત્રા ક્યા - કેટલા વાગે

| | | |
|---|---|---|
| શ્રી પંચદેવ મંદિર | સે. ૨૨ | પ્રયાણ |
| શોપીંગ સેન્ટર, શ્રી વિદ્યાભારતી પ્રશિક્ષણ કેન્દ્ર | સે. ૨૨ | ૭.૦૫ |
| ૧૭-૨૨ થઈને શોપીંગ સેન્ટર | સે. ૧૭ | ૭.૨૦ |
| શ્રી હનુમાનજી મંદિર | સે. ૧૭ | ૭.૩૦ |
| વાયા નાગરિક બેંક, શોપિંગ સેન્ટર, શ્રી બાલાજી મંદિર, બ્રહ્મભવન | સે. ૧૬ | ૮.૦૦ |
| યુથ હોસ્ટેલ, સરકારી કોલેજ વાયા મહાત્મા મંદિર | સે. ૧૫ | ૮.૩૦ |
| શોપીંગ સેન્ટર-શ્રી લિંબચ માતા મંદિર | સે. ૧૩ | ૯.૦૦ |
| શોપીંગ સેન્ટર, શ્રી ઉમિયાધામ, બલરામ મંદિર, વિશ્વકર્મા મંદિર નજીકના ચાર રસ્તા | સે. ૧૨ | ૯.૧૫ |
| શ્રી ભુવનેશ્વર મહાદેવ/ સંત શ્રી રોહિદાસ મંદિર (માત્ર રથ) | સે. ૬ | ૯.૩૫ |
| ૬/૩ અને ૭/૨ થઈને શોપીંગ સેન્ટર | સે. ૭ | ૧૦.૧૫ |
| સેક્ટર-૮, શોપીંગ સેન્ટર | સે. ૮ | ૧૦.૩૦ |
| એરફોર્સ, પોલીસ ભવન, આંકડા બ્યુરો, નવા સચિવાલય | સે. ૯/૧૦ | ૧૧.૦૦ |
| પુછપરછ કચેરી અને ઘ-ટાઈપના મકાન | સે. ૧૯ | ૧૧.૩૦ |
| ચિલ્ડ્રન યુનિવર્સિટીથી અક્ષરધામ | સે. ૨૦ | ૧૧.૪૫ |
| સેક્ટર-૩૦ ચાર રસ્તા, શ્રી ગુરૂદ્વારા | સે. ૩૦ | ૧૨.૧૦ |
| સેક્ટર-૩૦ શોપીંગ સેન્ટર | સે. ૩૦ | ૧૨.૨૫ |
| વિસામો - શ્રી જલારામ મંદિર | સે. ૨૯ | ૧૩.૩૦ થી ૧૫.૦૦ |
| શ્રી દત્ત મંદિર (વાયા બાલોદ્યાન), શ્રી વરિયા પ્રજાપતિ સમાજ મિલન મંદિર | સે. ૨૮ | ૧૫.૨૦ |
| શ્રી સોમેશ્વર મહાદેવ (એસઆરપી), શ્રી શિવશક્તિ મંદિર | સે. ૨૭ | ૧૫.૫૦ |
| શ્રી સાંઈબાબા ચોક-સહકાર કોલોની | સે. ૨૪/૨૭ | ૧૬.૧૫ |
| સેક્ટર-૨૪/૨૫, આદર્શનગર શોપીંગ સેન્ટર | સે. ૨૪ | ૧૬.૩૫ |
| શ્રી આર્યસમાજ મંદિર | સે. ૨૪ | ૧૬.૫૫ |
| ભારતનગર, ઈન્દીરાનગર, પાઠ્યપુસ્તક મંડળ | સે. ૨૪ | ૧૭.૧૦ |
| શ્રી સ્વામિનારાયણ મંદિર | સે. ૨૩ | ૧૭.૩૦ |
| શોપીંગ સેન્ટર | સે. ૨૩ | ૧૭.૪૦ |
| શ્રી આયુર્વેદ હોસ્પિટલ, શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ | સે. ૨૨ | ૧૮.૧૦ |
| ૨૨/૨૯, ચ-૬, શ્રી વૈજનાથ મહાદેવ | સે. ૨૧ | ૧૮.૨૦ |
| જિલ્લા પુસ્તકાલય, શાકમાર્કેટ, શ્રી અંબાજી મંદિર | સે. ૨૧ | ૧૮.૪૦ |
| શ્રી પંચદેવ મંદિર પરત (નિજ મંદિર પરત) | સે. ૨૨ | ૧૯.૩૦ |

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**એમ તો અમારી પાર્ટીનાં લોકો પણ ચૂસ્તપણે રણછોડરાયને માને છે... તેનું પ્રમાણ પણ છે જ... ચૂંટણીમાં સામી છાતીએ લડવાને બદલે... ભાગીને સામી પાર્ટીનું સભ્યપદ લઈ જ લે છે ને...!! જય રણછોડ...!!**

## ૧૫૦ શાળાઓએ હજુય ફી અંગે દરખાસ્ત રજૂ કરી નથી

### ફી નિર્ધારણ સમિતિ સમક્ષ દરખાસ્ત રજૂ કરવા માત્ર બે સપ્તાહનો સમય : હાલ ફી ન ભરવા વાલીમંડળની અપીલ

અમદાવાદ,તા.૧૩

રાજ્ય સરકારે ફી નિર્ધારણ વિધેયકની જોગવાઈ કરી હોવા છતાં કાયદો ઘોળીને પી જનારી સંખ્યાબંધ ખાનગી શાળાઓ હવે સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ભીંસમાં આવી છે. ઉદગમ, સત્ત્વ વિકાસ, આનંદ નિકેતન જેવી મોટી ગણાતી શાળાઓએ હજુ સુધી એફઆરસી સમક્ષ પોતાની ફી અંગેની દરખાસ્ત જ રજૂઆત કરી નથી., જેને પગલે હવે સુપ્રીમકોર્ટના આદેશ બાદ આવી સ્કૂલો પર ગાળિયો કસાયો છે. બીજીબાજુ, જયાં સુધી ફી નક્કી ના થાય ત્યાં સુધી વાલીઓને ફી નહી ભરવા વાલીમંડળ તરફથી જાહેર અપીલ કરાઈ છે. અત્રે નોંધનીય છે કે, એફઆરસી દ્વારા આવી ૧૫૦ જેટલી શાળાઓને ગત અઠવાડિયે જ ત્રીજી વારની પોતાની ફી અંગેની દરખાસ્ત શાળાઓને રજૂ કરવા માટે નોટિસ આપી છે. અત્યાર સુધી ૧૫૦ જેટલી શાળાઓએ ફી નિર્ધારણ સમિતિ સમક્ષ દરખાસ્ત રજૂ કરી નથી. આ મુદ્દો સુપ્રીમ કોર્ટમાં હોઈને કમિટી પણ કોઈ પગલાં લઈ શકતી ન હતી. હવે સરકાર આવી શાળાઓ સામે શાં પગલાં લેશે તેની વિચારણા કરી રહી છે. એફઆરસીનાં સૂત્રોનાં જણાવ્યાનુસાર જે શાળાઓએ તેમની સમક્ષ દરખાસ્ત કે એફિડેવિટ હજુ સુધી રજૂ કરી નથી તેવી શાળાઓ હવે ૧૪ દિવસની મુદતમાં દરખાસ્ત રજૂ કરશે તે અપૂરતી હોવાની પણ શક્યતા છે. રાજ્યભરમાં૧૮૦૦ શાળાઓએ હજુ સુધી ફી કમિટી સમક્ષ કોઈ દરખાસ્ત રજૂ કરી નથી. જેમાં અમદાવાદ જિલ્લાની ૭૭ પ્રાથમિક શાળાઓનો પણ સમાવેશ થાય છે. ગઈકાલે સુપ્રીમ કોર્ટમાં હાથ ધરાયેલી સુનાવણી દરમ્યાન દરખાસ્તનો મુદ્દો રજૂ થયો હતો. સુપ્રીમ કોર્ટે જે શાળાઓએ હજુ સુધી કમિટી સમક્ષ દરખાસ્ત કરી નથી તેમને દરખાસ્ત કરવા માટે બે સપ્તાહનો સમય આપ્યો છે. ત્યારબાદ બીજા ૧૫ દિવસમાં કમિટી તેની કામગીરી પૂરી કરશે એક મહિનામાં તમામ શાળાઓની ફી નક્કી થઈ જવાની શક્યતા છે. શહેરની ઉદગમ સ્કૂલ, સત્ત્વ વિકાસ સ્કૂલ, આનંદ નિકેતન સ્કૂલ, અમદાવાદ ઈન્ટરનેશનલ સ્કૂલ અને એશિયા સ્કૂલ સહિત કુલ ૧૫૦થી વધુ શાળાઓ હજુ એફઆરસી સમક્ષ ગઈ નથી. જેને પગલે આ સ્કૂલો સહિતની અન્ય ખાનગી શાળાઓ પર પણ હવે કાનૂની સકંજો કસાયો છે ત્યારે બીજી તરફ વાલી મંડળે પણ આવી શાળાઓની ફી નક્કી ન થાય ત્યાં સુધી વાલીઓને ફી નહીં ભરવા માટે જાહેર અનુરોધ કર્યો છે.

## શાળા પાઠ્યપુસ્તક મંડળ કર્મચારી એસોસિએશનના હોદેદારોની વરણી

ગાંધીનગર, તા.૧૩

ગુજરાત રાજય શાળા પાઠ્ય પુસ્તક મંડળ કર્મચારી એસોસિએશનની અસાધારણ સભા ગત તા.૧૦ જુલાઈના રોજ યોજાઈ હતી. જેમાં પ્રમુખ તરીકે સી.એસ.ગામેતી અને મહામંત્રી તરીકે ડો.કમલેશ પરમારની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

જયારે તા.૧૨ જુલાઈના રોજ યોજાયેલી કારોબારી બેઠકમાં સમિતિની રચના કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે સી.એસ.ગામેતી, મહામંત્રી તરીકે ડો.કમલેશ પરમાર, ઉપપ્રમુખ તરીકે પી.એન.રાવલ, અને ડો.ચિરાગ શાહ, સહમંત્રી તરીકે ગેમરભાઈ દેસાઈ અને વિપુલ.જી. પરમાર, ખજાનચી તરીકે ગણપતસિંહ બી.ચંપાવત, તેમજ કારોબારી સભ્ય તરીકે જે.વાય.સરોદે, જે.એલ.ખરાડી, તારાબેન બી.ડામોર, એચ.જી.દવે, જે.પી.બલાત, જે.એફ.પરમાર, સાજીદખાન પઠાણ, સવિતાબેન વી.વાઘેલા, કે.સી.પરમાર, નંદકુમાર ત્રિવેદીનો સમાવેશ થાય છે.



પર્યાવરણ અંગે નગરજનોમાં જાગૃતિ આવે તેવા ઉમદા હેતુથી સે. ૬-બી ખાતે આવેલ સરસ્વતી વિદ્યાલયના વિદ્યાર્થી ભાઈ-બહેનો દ્વારા જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ રેલીને સવારે સંસ્થાના ટ્રસ્ટી મુકેશભાઈ પટેલે લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાયુ હતુ. પર્યાવરણ જનજાગૃતિ રેલી સેક્ટરના આંતરીક માર્ગ પર ફરીને શાળાએ પરત ફરી હતી. જ્યારે આ રેલીમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. રેલીને સફળ બનાવવા શાળાના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

## કચ્છી નૂતન વર્ષની શુભેચ્છા પાઠવતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૧૩

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ અષાઢી બીજ કચ્છી નૂતન વર્ષની સૌ કચ્છી માડુઓને હૃદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવી છે. કચ્છીઓ દેશ અને દુનિયામાં જયાં વસ્યા છે ત્યાં પોતાની ખુમારી અને કર્તવ્ય પરાયણતાથી કચ્છીપણું ઝળકાવ્યું છે, તેમ પણ તેમણે અષાઢી બીજની શુભકામનાઓ પાઠવતાં જણાવ્યું છે. વિજયભાઈ રૂપાણીએ આ નૂતનવર્ષ કચ્છ અને કચ્છી પરિવારોના સર્વગ્રાહી વિકાસ સાથે પ્રગતિ, સમરસતા-બંધુત્વનું વર્ષ બને તેવી શુભકામના વ્યકત કરી છે.

## 'સક્ષમ મહિલા - સશક્ત ગુજરાત' વિષયે ચાંદખેડામાં મહિલા શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર પાસેના ચાંદખેડા ખાતે રાષ્ટ્રીય કામદાર શિક્ષણ અને વિકાસ બોર્ડના ઉપક્રમે 'સક્ષમ મહિલા-સશક્ત ગુજરાત' વિષયક મહિલા શિબિરનું આયોજન કરાયું હતું. આ શિબિરમાં બોર્ડના શિક્ષણાધિકારી મોહનજી સેને મહિલા અને બાળ વિકાસની વિગતવાર છણાવટ સાથે મહિલા વિકાસલક્ષી યોજનાઓનો લાભ મેળવી સ્વરોજગારીથી મહિલાઓ આત્મનિર્ભર બને તેની માહિતી પ્રદાન કરવા સાથે શિક્ષણ અને વિકાસ બોર્ડની ભૂમિકા સ્પષ્ટ કરી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત નિવૃત્ત સહાયક માહિતી નિયામક ભાનુભાઈ દવેએ શિક્ષણના આવિષ્કાર થકી આજની નારી સર્વાંગી ક્ષેત્રે પોતાના ખંત, ખુમારી અને કૌશલ્ય વડે રાષ્ટ્રને ગૌરવ અપાવી રહી છે તે અંગે સદૃષ્યંત વિસ્તૃત માહિતી આપી હતી. આ ઉપરાંત અખિલ ગુજરાત રત્નોત્તર પરિવારના મંત્રી અને શિબીરના સંયોજક સુરેશભાઈ પંડ્યાએ મહિલા કલ્યાણને લગતી પ્રવૃત્તિઓ તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓની કામગીરી અંગે માર્ગદર્શન આપ્યુ હતુ. આ શિબિરમાં મહિલા આરોગ્ય અંગે યમુનાબેન અને સંગઠન શકિત દ્વારા મહિલા ઉત્કર્ષ વિશે ગર્ગાચાર્ય વાહિનીના મંત્રી રશ્મિકાબેન શ્રીમાળીએ જાણકારી આપી હતી. આ પ્રસંગે મહિલાઓને કિડનીના રોગો અંગે જાગૃતિ ફિલ્મ દર્શાવવામાં આવી હતી. શિબિરમાં ૪૦થી વધુ મહિલાઓએ ઉપસ્થિત રહી પ્રશ્નોત્તરીમાં પણ ભાગ લીધો હતો.

## વર્ચ્યુઅલ રિયાલિટી મારફતે પણ રથયાત્રાનું પ્રસારણ થશે

ગુજરાતીઓ ખાસ કરીને અમદાવાદીઓ અમદાવાદમાં યોજાતાં વાર્ષિક રથયાત્રા મહોત્સવની આતુરતાપૂર્વક રાહ જોતાં હોય છે. આ સાંસ્કૃતિક અને ધાર્મિક પ્રસંગે અમદાવાદ અને રાજ્યમાંથી લાખો શ્રદ્ધાળુઓ ભગવાન જગન્નાથનાં દર્શન કરવા અને રથયાત્રામાં સામેલ થાય છે. ચાલુ વર્ષે ગુજરાતનું પસંદગીનું ટેલીકોમ નેટવર્ક વોડાફોન ઈન્ડિયા ગુજરાતનાં રહેવાસીઓ માટે રથયાત્રાને નજીકથી નિહાળવા અને ભગવાનનાં જીવંત દર્શન કરવાની સુવિધા આપવા પોતાનાં વોડાફોન સુપરનેટ ૪જી નેટવર્ક અને શ્રેષ્ઠ ટેકનોલોજીનો ઉપયોગ કરશે. અમદાવાદમાં શિવરંજની અને સ્ટેડિયમ વિસ્તારમાં સ્થિત વોડાફોનનાં સ્ટોરમાં ખાસ રથયાત્રા ઝોન ઊભા કરવામાં આવ્યો છે. વોડાફોનનાં સ્ટોરમાં જે શ્રદ્ધાળુઓ રથયાત્રાનો ૩૬૦ લાઈવ વર્ચ્યુઅલ રિયાલિટી અનુભવ લેવા ઈચ્છતાં હોય, તેમને વીઆર હેડસેટ કે મોબાઈલ ઉપકરણો આપવામાં આવશે,

**Gujarat State Petronet Limited**
**Corporate Identity Number : L40200GJ1998SGC035188**

**Regd Office:** GSPC Bhavan, Sector-11, Gandhinagar - 382 010 **Tel:** +91-79-66701001 **Fax:** +91-79-23236477 **Website:** www.gspcgroup.com **Email:** investors.gspl@gspc.in

**NOTICE**

Pursuant to Regulation 47 (1) of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, Notice is hereby given that the Meeting of the Board of Directors of the Company will be held on Monday, the 30th July, 2018, inter-alia, to consider and take on record the Un-audited Financial Results of the Company for the quarter ended on 30th June, 2018.

The said intimation is also available on the Company's website viz. **www.gspcgroup.com** and may also be available on the website of Stock Exchanges at **www.bseindia.com** and at **www.nseindia.com**.

**For Gujarat State Petronet Limited**
**sd/-**
**Reena Desai**
**Company Secretary**

**Place: Gandhinagar**
**Date: 13th July, 2018**

## જાહેર વિજ્ઞપ્તી

કાર્યપાલક ઈજનેરશ્રી, સુજલામ સુફલામ વિભાગ નં.૧ ગાંધીનગર તરફથી જણાવ્યા અનુસાર ચાલુ ચોમાસા દરમિયાન સંતસરોવર (ઈન્દ્રોડા) બેરેજના દરવાજા બંધ કરી પાણીનો સંગ્રહ કરવામાં આવનાર છે. તેમજ ચોમાસા ૨૦૧૮ દરમિયાન ઉપરવાસમાંથી સાબરમતી નદીમાં આવરો થનાર વરસાદી / પુરના ાણી સલામતીના કારણોસર આવશ્યકતા અનુસાર બેરેજના નીચવાસમાં પુર નિયંત્રણ સારું પાણી કોઈપણ સમયે છોડવું પડશે. જેથી સમગ્ર સાબરમતી નદીના પટ વિસ્તારમાં રહેતા તમામ પ્રજાજનોએ ચોમાસા દરમિયાન સાવચેતીના પગલારૂપે ઉંચાણવાળી જગ્યાએ ખસી જવા વિનંતી કરવામાં આવે છે. વિશેષમાં ચોમાસા દરમિયાન સાબરમતી નદીના પટમાં અવરજવર કરવી સલામતીની દૃષ્ટિએ યોગ્ય નથી જેથી સાબરમતી નદીના પટ વિસ્તારનો ઉપયોગ કરવો નહી. તથા ઢોરા ઢાંખરને પણ નદીમાં છુટા મુકવા નહીં. જેની સૌ લાગતા વળગતાઓએ ગંભીરતાથી નોંધ લેવી. અન્યથા જાન, માસલામાન, ઘરવખરીના નુકસાન અંગેની સંપૂર્ણ જવાબદારી સૌ સોની અંગત રહેશે.

**માહિતી/૯૭૪/૧૮-૧૯**

## ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

**બહુમાળી ભવન, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧**

### જાહેર નોટીસ
### પ્રતિબંધિત પ્લાસ્ટીક અંગે

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, જી.પી.એમ.સી. એક્ટ અને સોલીડ વેસ્ટ રૂલ્સ ૨૦૧૬ને ધ્યાનમાં રાખી ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિવિધ પ્રકારની કામગીરી કરવામાં આવે છે. રાજ્ય સરકારશ્રીની સુચના મુજબ ૫મી જુન વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે, બીટ, પ્લાસ્ટીક પોલ્યુશન થીમને અનુલક્ષીને ગાંધીનગર શહેરને પ્લાસ્ટીક પ્રદૂષણ મુક્ત કરવાના અભિગમ સાથે ગાંધીનગર શહેરી વિસ્તારમાં ચ્હા-કોફીની લારીઓ ઉપર વપરાતા પ્લાસ્ટીકના કપ, પાણીના પાઉચ તથા પાન/મસાલાના પેકીંગ માટે ઉપયોગમાં લેવામાં આવતા પ્લાસ્ટીકના રેપર્સના વપરાશ, સંગ્રહ તથા ઉત્પાદન ઉપર તા. ૫/૬/૨૦૧૮ના રોજથી સ્ટેન્ડીંગ કમિટી ઠરાવ નંબર-૩૮૯ તા. ૪/૭/૨૦૧૮થી મળેલ મંજુરી અનુસાર પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

તદઉપરાંત પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ અંતર્ગત ૫૦ માઈક્રોનથી ઓછી જાડાઈવાળી કેરી બેગ ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. હાલમાં ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચેકીંગ દરમિયાન માલૂમ પડેલ છે કે, ફરસાણ, દવાની દુકાન, બેકરી શોપ, મોલ, પ્રોવિઝન સ્ટોર તથા અન્ય ધંધાકીય એકમો ૫૦ માઈક્રોનથી ઓછી જાડઈવાળી પ્લાસ્ટીક કેરી બેગ્સ અથવા થેલીનો વપરાશ માલૂમ પડેલ છે. આવા પ્રકારની પ્લાસ્ટીક બેગ્સ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમ દ્વારા ચેકીંગ દરમિયાન ધ્યાન પર આવશે, તો તેને જપ્ત કરવામાં આવશે અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આમ, શહેરમાં કોઈપણ વેપારીઓ / ધંધાકીય એકમો દ્વારા પ્રતિબંધિત બેગ્સ, પાણીના પાઉચ, ચ્હા-કોફીની લારીઓ ઉપર વપરાતા પ્લાસ્ટીકના કપ, રેપર્સનો વપરાશ, સંગ્રહ તથા ઉત્પાદન કરવું નહી, આ હુમકનું પાલન નહી કરનાર એકમો સાથે જી.પી.એમ.સી. એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ સંબંધિતોએ નોંધ લેવા જણાવવામાં આવે છે.

**હુકમથી/-**
**મ્યુનિસિપલ કમિશનર**
**ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન**

**માહિતી/૯૬૮/૧૮-૧૯**